પૂર્વછાયો- ત્યાર પછી જે જે કર્યું, તે સાંભળો વાત સરેશ ।
એટલું કામ કરી હરિ, પછી ચાલિયા દક્ષિણ દેશ ॥૧॥
એકાએક અરણ્યમાંહિ, રહેવા રાજી છે મન ।
શહેર ન ઈચ્છે સ્વપ્રે, વહાલું લાગે છે વસવું વન ॥૨॥
ભક્તિધર્માદિ ભેળાં રહે, દિવ્ય દેહ ધરીને સોઈ ।
તેહ વિના જીવ જક્તના, નથી ગમતા બીજા કોઈ ॥૩॥

ત્યાગ વૈરાગ્ય તનમાં, તેણે મગન રહે છે મન ।
નાવે બીજા નજરે, જે નોય હરિના જન ॥૪॥

ચોપાઇ- એવા શ્રીહરિ બહુ નિસ્પ્રેહ, અણઇચ્છાએ ચાલિયા તેહ ।
આવ્યા આદિકૂરમ તીરથ, સુખદાઇ હરિ સમરથ ॥૫॥
તેને સમીપે માનસા શહેર, આવ્યા તિયાં કરી હરિ મેર ।
તેનો રાજા છે અતિ પવિત્ર, જેણે બાંધ્યાં છે અન્નનાં ક્ષેત્ર ॥૬॥
અન્નારથી આવે જેહ જન, તેને ભાવે કરાવે ભોજન ।
તેણે દીઠા એહ બ્રહ્મચારી, જોઇ મનમાં રહ્યો વિચારી ॥૭॥
કહે આતો મોટા કોઇ અતિ, પછી રાખ્યા છે કરી વિનતિ ।
રાખ્યા એકાંતે વરણિરાટ, અતિ ત્યાગી તપસ્વી તે માટ ॥૮॥
એક એકાંતે ઓટો સુંદર, રહ્યા તિયાં પ્રભુ તે ઉપર ।
પછી રાજા રાજાના સેવક, કરે ચાકરી કરી વિવેક ॥૯॥
નિત્ય પ્રત્યે કરે એમ સેવ, જાણે મહાત્મા છે મોટા દેવ ।
કરે સન્માન જોઇ ત્યાગી, બીજા ભેખનું પડીયું ભાંગી ॥૧૦॥
ત્યારે અસુર ત્યાંના રહેનાર, કહે આતો છે આપણો માર ।
જેણે દૈત્ય સમૂહ મરાણો, તેનું મૂળ કારણ આ જાણો ॥૧૧॥
પછી ત્યાંના રહેનાર અસુર, કહે મારીએ એને જરૂર ।
એમ પાપી સહુ પરિયાણ્યા, મારવા પછી પથરા આણ્યા ॥૧૨॥
જાણ્યા એકાએક બેઠા ઓટે, આવ્યા માર્યા સારું દડિ દોટે ।
નિશિમાંહિ આવ્યા નિશાચર, માંડ્યા ફેંકવા બહુ પથર ॥૧૩॥
મળી દૈત્ય હજારો હજાર, નાખ્યા અશ્મ અતિશે અપાર ।
સમિ સાંજ થકી સારી રાત્ય, કર્યો પાણાતણો વરષાત ॥૧૪॥
સાધુ સ્વભાવવાળા સુબુદ્ધ, નિરવૈર અતિ અવિરુદ્ધ ।
બહુ ક્ષમાવાળા હરિ ધીર, તેને ન લાગ્યું કાંઇ શરીર ॥૧૫॥
ઓટા આસપાસે પાણા પડ્યા, ગજ ઓટાથી ઉંચેરા ચડ્યા ।
દીઠા હરિ તેમાંથી કુશળ, લીધાં દૈત્યો આયુધ તે પળ ॥૧૬॥
જાણ્યુ જાણશે રાજા જો વાત, તો થાશે આમાંથી ઉતપાત ।

ત્યાંતો રાજાને ખબર પડી, આવ્યો પ્રભુ પાસળે તે ઘડી ॥૧૭॥
આવ્યા લોક બીજાં સહુ મળી, દેખી પાણા વિસ્મય પામ્યાં વળી ।
જોઇ રાજા વિચારે છે મને, ઉગાર્યા વર્ણિને ભગવને ॥૧૮॥
કરી પ્રઃાદની જેમ સાય, નથી તેમાં આમાં ફેર કાંય ।
એમ કહીને નમિયો રાજ, અમે છીએ તમારા મહારાજ ॥૧૯॥
પછી નાથે શિષ્ય તેને કીધો, બીજા બહુને ઉપદેશ દીધો ।
પછી એમ વિચાર્યો ભૂપાળ, પાપી કરત આ વર્ણીનો કાળ ॥૨૦॥
આતો આપણા છે ઇષ્ટદેવ, તેની દેખી શક્યા નહિ સેવ ।
એણે જરૂર માર્યાતા આજ, ખોઇતિ એણે આપણી લાજ ॥૨૧॥
માટે ખરા એ ખુની અસુર, એને જોવા આપણે જરૂર ।
પછી એને કેડ્યે ફોજ ચડી, ઘેરી લીધા અસુર તે ઘડી ॥૨૨॥
કહ્યું લ્યો ઉભારો ઉડું ઉડું, એમ કહીને કાપિયું મુંડું ।
મુવા અધરમી ત્યાં અપાર, બહુ ઉતર્યો ભૂમિનો ભાર ॥૨૩॥
એમ પોતાનાં પાપ પ્રતાપે, થયા નાશ તે અસુર આપે ।
હરિ પોતે અપાપ અદોષ, નથી રાખતા કોઇશું રોષ ॥૨૪॥
એવા કૃષ્ણ દેવ જે દયાળ, પછી ચાલ્યા ત્યાંથી તતકાળ ।
આવ્યા વેંકટાદ્રિયે જીવન, કર્યાં ઠાકોરજીનાં દર્શન ॥૨૫॥
પછી ચાલ્યા ત્યાંથી નિરમોહી, શિવકાંચી વિષ્ણુકાંચી જોઇ ।
ત્યાંથી શ્રીરંગે આવ્યા છે શ્યામ, મોટા મોટાનાં કરવા કામ ॥૨૬॥
કાવેરી ગંગામાં પોતે નાહિ, ઉતરિયા ફુલવાડી માંહિ ।
વાડી સુંદર શોભે છે સાર, જેમાં ફળ ફુલ છે અપાર ॥૨૭॥
રહ્યા પોતે તિયાં દોય માસ, કરવા બહુ જીવને સમાસ ।
તિયાં વૈષ્ણવને વાત કરી, એનાં ફેલ તજાવિયાં હરિ ॥૨૮॥
બીજા નાટક ચેટક વાળા, બહુ કરતા હતા કર્મ કાળાં ।
તેને જીતી પોતે તતકાળ, ડંકો બેસાડ્યો પોતે દયાળ ॥૨૯॥
ચાલ્યા ત્યાંથી થઇ તતપર, આવ્યા સેતુબંધ રામેશ્વર ।
નાયા સમુદ્રમાં ત્યાં જીવન, કર્યાં રામેશ્વરનાં દર્શન ॥૩૦॥

ક્ષેત્ર પવિત્ર છે અતિ એહ, તપસ્વિને સેવ્યા જેવું તેહ ।
રહ્યા પોતે તિયાં દોય માસ, પછી ત્યાંથી ચાલ્યા અવિનાશ ॥૩૧॥
આવ્યા સુંદરરાજમાં શ્યામ, કર્યો તિયાં કાંઈક વિશ્રામ ।
પછી ચાલ્યા ભૂતપુરી ભણી, ન પુછી રીત્ય એ વાટ તણી ॥૩૨॥
ચાલ્યા દીશ બાંધીને દયાળ, નથી જેને શરીર સંભાળ ।
આવ્યું આગળ વિકટ વન, અતિ ઘોર ઘણું છે સઘન ॥૩૩॥
ચાલતાં ચાલતાં પડે રાત્ય, તિયાં પોઢી ચાલે પરભાત્ય ।
એમ વહિ ગયા પંચ દન, મળ્યું નહિ તિયાં જળ અન્ન ॥૩૪॥
પડી સાંજ મળ્યું નહિ પાણી, સૂકો કંઠ ન બોલાય વાણી ।
થયા આપે અતિશે અચેત, એમ કષ્ટ સહે જન હેત ॥૩૫॥
પછી ધીરે ધીરે ચાલ્યા ધીર, ત્યાંતો આવ્યું છે અરણ્યમાં નીર ।
તેમાં નાયા પોતે ઘનશ્યામ, પછી નવરાવ્યા શાલગ્રામ ॥૩૬॥
તિયાં પ્રબોલિયાફળી ચાર, શેકી કર્યું નૈવેદ્ય તે વાર ।
તેને જમ્યા પોતે ઘનશ્યામ, પહોર એક રહ્યા એહ ઠામ ॥૩૭॥
પછી ચાલિયા ત્યાંથી દયાળ, થયો બીજે દિ મધ્યાહ્ન કાળ ।
ત્યાં અરણ્યે આવ્યો એક કુપ, ભર્યો અમળ જળે અનુપ ॥૩૮॥
તિયાં નાયા પોતે જળ કાઢી, પછી બેઠા છાંયા જોઈ ટાઢી ।
ભરી ગળી જળની કઠારી, શેર દશની સુંદર સારી ॥૩૯॥
પછી શાળગ્રામ લઈ ત્યાંઈ, તે પધરાવ્યા કટોરીમાંઈ ।
ઉપરથી કીધી જળધાર, થઈ ઠાલી કઠારી તે વાર ॥૪૦॥
ત્યારે પોતે જોયું વિચારી, કિયાં વહી ગયું આટલું વારી ।
રખે કટોરી ફુટેલ હોય, જોયું ત્યારે સાજી દીઠી સોય ॥૪૧॥
પછી જાણ્યું એમ ઘનશ્યામે, પીધું જરૂર એ શાળગ્રામે ।
રખે હોય હજીએ પિપાસા, એમ કહીને મન વિમાશા ॥૪૨॥
પછી કાઢી કાઢીને કઠારી, પાયું બહુ શાળગ્રામને વારી ।
જેમ જેમ જળ માંડ્યું પાવા, તેમ માંડ્યું ઠામ ઠાલું થાવા ॥૪૩॥
એક બેનો ન રહ્યો વિચાર, પીધું જળ કઠારી અપાર ।

સિંચી સિંચી થાક્યા ઘનશ્યામ, ત્યારે તૃપ્ત થયા શાળગ્રામ ॥૪૪॥
પછી પૂજ્યા છે ચંદને કરી, વળતા એમ વિચારીયા હરિ ।
પ્યાસ ભાંગી પણ હશે ભૂખ, થયું એ વાતનું અતિ દુઃખ ॥૪૫॥
પોતાને તો મળ્યું નથી અન્ન, તેને વીતી ગયા ષટ્ દન ।
તેનું તો પોતાને નથી કાંય, અતિ ધીરજ પર્વત પ્રાય ॥૪૬॥
તેહ સમે ત્યાં આવ્યા કાપડી, પુરુષ નારી તે પોઠીયે ચડી ।
કાષાંબર તે સુંદર ધર્યાં, બેઉ અતિ ભાવ માંહિ ભર્યાં ॥૪૭॥
આવીયાં એહ વન મોઝાર, દેખી હરિ કર્યો નમસ્કાર ।
આપ્યું આસન આદરે જ્યારે, વળતાં બોલ્યાં છે દંપતી ત્યારે ॥૪૮॥
તમે ક્યાંથી આવ્યા એકાએક, નથી સંગે તે કેમ સેવક ।
તમે ભૂખ્યા હશો મારા વીર, એમ કહી ભર્યાં નેણે નીર ॥૪૯॥
પછી ત્રિયાને કહે મહામતિ, આપો સાથુ આ ભૂખ્યા છે અતિ ।
ત્યારે આપ્યો સાથુ લુણ સહિતે, ધર્યું વિષ્ણુને નૈવેદ્ય પ્રીતે ॥૫૦॥
ત્યારે હરિ કહે પુછું છું અમે, આવા કોણ દયાળુ છો તમે ।
ત્યારે યોગી કહે જમી લીયો, ધીરા રહી પછી જળ પીયો ॥૫૧॥
ત્યાર પછી હું કરીશ વાત, જેમ છે તેમ કહીશ વિખ્યાત ।
પછી જમી જળપાન કર્યું, ત્યારે યોગી બોલ્યા મોદભર્યું ॥૫૨॥
સુણો વર્ણી તપસ્વી અક્રોધ, જાણ્યા અમે શ્રીકૃષ્ણ છો શુદ્ધ ।
માટે નહિ બોલું જૂઠું મહામતિ, મને જાણો ઈશ આ છે સતી ॥૫૩॥
તમને ભૂખ્યા જાણીને દયાળ, અમે આવ્યાં આંહી તતકાળ ।
શ્રીરંગાદિ જેહ બીજાં ક્ષેત્ર, તિયાં ફરું છું જાણી પવિત્ર ॥૫૪॥
તમ જેવાનાં દર્શન સારુ, નાથ રહેવું જાણો આંહી મારુ ।
એવી સુણી મહેશની વાત, થયા હરિ બહુ રળિયાત ॥૫૫॥
સદાશિવ કૈલાસ રહેનાર, તે મળ્યા મને સાક્ષાત્કાર ।
લાગ્યા પાય પડી ઓળખાણ્ય, ત્યારે નાથે જોડ્યા જુગ પાણ્ય ॥૫૬॥
કહે નાથ કરો શિવ સાય, જે થકી દૃઢ વૈરાગ્ય થાય ।
કહે શિવજી સાંભળો વીર, થાશે દૃઢ વૈરાગ્ય સુધીર ॥૫૭॥

કરી પ્રશંસા તે પરસ્પર, મળ્યા બેઉ પછી મોદભર ।
વળતા ઈશ અંતર્ધાન થિયા, પ્રભુ ભૂતપુરીયે આવિયા ॥૫૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીહરિ ચરિત્ર નામે
ચોત્રિશમું પ્રકરણમ્ ॥૩૪॥